# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-03-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

-----------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# PM KISAN SAMMAN NIDHI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાંજે આસામના ગુવાહાટીથી પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિનો 22-મો હપ્તો જાહેર કરશે. ત્યારે ગાંધીનગરમાં સેક્ટર 12 ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં રાજ્યકક્ષાનો સહાય વિતરણ કાર્યક્રમ, મેળાવડો અને કૃષિમેળો યોજાશે. તેમાં પ્રધાનમંત્રી વર્ચ્યૂઅલ માધ્યમથી રાજ્યના 48 લાખ 58 હજારથી વધુ ખેડૂત પરિવારને નવ હજાર 908 કરોડ રૂપિયાથી વધુની સહાયની રકમ સીધા તેમના બૅન્ક ખાતામાં – DBT મારફતે ચૂકવશે.

# CM GANDHINAGAR PROG

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારે અનુસૂચિત જાતિના સમુદાયના શિક્ષણ સહિત સર્વગ્રાહી વિકાસને વેગ આપ્યો હોવાનું જણાવ્યું. ગાંધીનગરમાં ભાજપ ગુજરાત અનુસૂચિત જાતિ મોરચા દ્વારા સરકારના ઋણ સ્વીકાર સમારોહ કાર્યક્રમને સંબોધતા શ્રી પટેલે કહ્યું, સરકાર અંત્યોદય સશક્તિકરણ માટેના ભારતરત્ન ડૉક્ટર બાબાસાહેબ આંબેડકરના સંકલ્પને સાકાર કરવા કામ કરી રહી છે.

(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)

# ADANI SKILLS GOVT MoU

રાજ્ય સરકાર અને અદાણી સ્કિલ્સ વચ્ચે રોજગારલક્ષી સમજૂતી કરાર – MoU પર હસ્તાક્ષર કરાયા છે. શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રી કુંવરજી બાવળિયાએ આ કરાર થકી ઉદ્યોગોની જરૂરિયાત મુજબ રોજગારી મળી રહે તે માટે યુવાનોને તૈયાર કરાશે તેમ જણાવ્યું હતું. તેમણે કહ્યું, યુવાનોને સોલાર ઉર્જા, પવન ઉર્જા, બંદર અને લૉજિસ્ટિક્સ કન્સ્ટ્રક્શન ટૅક્નોલૉજી જેવા વિવિધ ક્ષેત્ર માટેની વિશેષ તાલીમ અપાશે.

આ સમજૂતી રાજ્યની ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ ITIsમાં ભણતા તાલીમાર્થીઓને પરંપરાગત તાલીમ સાથે આધુનિક ટૅક્નોલૉજી અને ઉદ્યોગલક્ષી કૌશલ્યનું જ્ઞાન આપવામાં મહત્વની ભૂમિકા ભજવશે તેવો વિશ્વાસ પણ શ્રી બાવળિયાએ વ્યક્ત કર્યો હતો.

# HARSH SANGHAVI BHARUCH

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આદિવાસી સમુદાયના લોકોને જળ, જંગલ અને જમીનના સાચા રક્ષક ગણાવ્યા. તેમણે વિદેશી તાકાત સામે માથું ન ઝૂકાવનારા આદિવાસી સમુદાયના લોકોની પ્રશંસા પણ કરી હતી. ભરૂચના નેત્રન્ગમાં આદિવાસી ગૌરવ સંમેલનને સંબોધતા શ્રી સંઘવીએ આ વાત કહી હતી.

# ARVALLI GAS BOTTLE

અરવલ્લી જિલ્લા પૂરવઠા વિભાગે ગેસના બાટલાની કાળાબજારી અને સંગ્રહખોરી અટકાવવા વિશેષ ઝૂંબેશ હાથ ધરી છે.  જિલ્લાના આઠ તાલુકામાં વિવિધ ટુકડી દ્વારા ગેસ એજન્સીની કચેરીઓમાં તપાસ કરવામાં આવી રહી છે. જિલ્લા પૂરવઠા અધિકારી એમ. વી. રાઠોડે ગેસના બાટલાની અછત ન હોવાનું જણાવ્યું.

(BYTE: M. V. RATHOD, DSO, ARAVALLI)

# CM GANDHINGAR VITARAN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં 40 જેટલા દિવ્યાંગજનોને મોટરવાળી ત્રણ પૈડાની સાઈકલ અને જૉયસ્ટિક વ્હીલચેરનું વિતરણ કર્યું. દરમિયાન શ્રી પટેલે દિવ્યાંગ લાભાર્થીઓ સાથે સંવાદ કરી તેમના જીવનમાં આ સાધન-સહાયથી આવનારા પરિવર્તન અને સુગમતા અંગે વાતચીત કરી.

# DANG SAMANYA SABHA

ડાંગમાં આહવા જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં 442 કરોડ રૂપિયાથી વધુની રકમનું અંદાજપત્ર સર્વાનુમતે મંજૂર કરાયું. પંચાયતનાં પ્રમુખ નિર્મળા ગાઈનની અધ્યક્ષતામા યોજાયેલી સામાન્ય સભામાં પંચાયતના તમામ સભ્યો સહિત વિવિધ અધિકારીઓની ઉપસ્થિતિમાં આ અંદાજપત્ર રજૂ કરાયું હતું.

# MAHISAGAR KAMLA CASE

મહીસાગરના વિરપુર ગામમાં કમળાના છ શંકાસ્પદ કેસ નોંધાતા આરોગ્ય વિભાગની નવ જેટલી ટુકડીએ તપાસ શરૂ કરી છે. સાથે જ લોકોને ઉકાળેલું પાણી પીવા અને ક્લૉરિનેશનની ગોળીનો ઉપયોગ કરવા સૂચના અપાઈ છે. જિલ્લા વિકાસ અધિકારી અને પ્રભારી આરોગ્ય અધિકારીએ પણ વિરપુરના અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લઈ લોકોને માર્ગદર્શન આપ્યું.

# BK KESUDA MAHOTSAV

બનાસકાંઠામાં આ રવિવારે કેસુડા મહોત્સવ યોજાશે. જિલ્લામાં પહેલી વાર યોજનારા મહોત્સવનું આયોજન દાંતા તાલુકાના દાંતા-અંબાજી રોડ પર આવેલા પીપળાવાળી વાવ ખાતે કરાયું છે. વસંતુ ઋતુ દરમિયાન ખીલી ઉઠતા કેસુડાના અગ્નિ-રંગી ફૂલોથી સજ્જ થતી પ્રકૃતિના આ અનોખા સૌંદર્યને નિહાળવા અને તેના પર્યાવરણીય મહત્વ અંગે લોકોને જાગૃત કરવા બનાસકાંઠા વન્યજીવ વિભાગ દ્વારા આ પહેલ કરવામાં આવી છે.

# WEATHER FORECAST

રાજ્યમાં આગામી ત્રણ દિવસમાં મહત્તમ તાપમાનમાં બેથી ચાર ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની આગાહી છે. હવામાન વિભાગની યાદી મુજબ, કચ્છ, રાજકોટ અને સુરેન્દ્રનગરમાં આજે યલો અલર્ટ અપાયું છે. આ સાથે રાજ્યમાં 41 ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે રાજકોટ સૌથી ગરમ શહેર રહ્યું છે. જ્યારે ભુજ, કંડલા વિમાનમથક અને સુરેન્દ્રનગરમાં 40 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું છે.